R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 22•ISSUE: 47 DATE: 24-11-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર
પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

## સીબીઆઇના અધિકારીઓ વચ્ચેના કાનુની ગજગ્રાહ વચ્ચે નવો સ્ફોટક વિવાદ ઉમેરાયો :સીબીઆઇ એન્ટીકરપ્શન યુનીટના ડીઆઇજી મનીષકુમાર સિંહાએ ભ્રષ્ટાચારના અનેક રહસ્યો ખોલ્યા

સીબીઆઈના ડીઆઈજી મનીષકુમાર સિંહા સુપ્રીમ કોર્ટમાં પહોચ્યા.તેમનો ટ્રાન્સફર ઓર્ડર રદ કરવાની માંગણી કરી સાથે સાથે ૩૫ પાનાની પીટીશન પણ દાખલ કરી જેના થકી રાજકીય ભુકંપ મચી ગયો.પીટીશનમાં આક્ષેપ કરવામાં આવ્યા હતો કે નીરવ મોદી અને રાકેશ અસ્થાના સામેની તપાસ રોકવા માટે મારી નાગપુર બદલી કરવામાં આવી છે.રાકેશ અસ્થાના સામેના આક્ષેપોની તપાસ કરવા આલોક વર્માએ રચેલી ટીમમાં સિંહાને સામેલ કરાયા હતા.તેમણે માંગણી કરી હતી કેઆલોક વર્માની અરજીની સાથે તાકીદ સુનાવણી હાથ ધરવાની અને રાકેસ અસ્થાના સામેની એફઆઈઆરની સીટ દ્વારા તપાસ કરવાની માંગણી કરી હતી .જો કે સુપ્રીમ કોર્ટે અરજી પર તાકીદે સુનાવણી કરવાનો ઈન્કાર કર્યો હતો.

સીબીઆઈએ મોઈન કુરેશીના કેસના આરોપી મનોજ પ્રસાદને દુબઈથી દિલ્હી આવતાંવેત એરપોર્ટ પરથી જ ઝડપી લઈને સીબીઆઇ હેડક્વાટર પર લાવેલા અને તેની પુછપરછ સિંહાએ કરેલી.જેમાં મનોજ પ્રસાદે તેમના પિતા દિનેશ્વર પ્રસાદ રોના નિવૃત જોઈન્ટ ડિરેક્ટર છે અને એનએસએના ચીફ અજિત ડોભાલ સાથે ઘરોબો ધરાવે છે તેવો દાવો કરીને ઉદતાઈભર્યુ વર્તન કરેલું. તેમજ તેમના ભાઈએ અજીત ડોભાલના નામે કહીને સિંહાને પતાવી દેશે તેવી ધમકી પણ આપેલી.તેના ભારે સંપર્કો હોવા છતાં તેમને સીબીઆઇ કેમ ઉઠાવી શકે તે બાબતે તેમણે ઉદ્ધતાઈભર્યું વર્તન કરેલું.

એક ઉચ્ચ અધિકારીના નામે તેમને પતાવી દેવાની ધમકી આપનારા લોકોની રાષ્ટ્રીય સલાહકાર સાથે આત્મીયતા હોવાના નાતે તેઓ દેશમાં કોઈને પણ પતાવી દે તેમાં કોઇ શંકા કેવી રીતે રાખી શકાય.ખરેખર ગંભીર બાબત છે.

પીટીશનમાં સિંહાએ એવો આક્ષેપ કર્યો છે કે જુન ૦૧૮ના પ્રથમ પંદર દિવસમાંથી એક દિવસે હાલ કેન્દ્રમાં કોલસા અને ખાણ રાજ્યપ્રધાન હરિભાઈ પરથીભાઇ ચૌધરીને કેટલાક કરોડ રુપીયા ચુકવવામાં આવ્યા હતા.અમદાવાદની કોઈક વિપુલ નામની વ્યક્તિ મારફતે આ રકમ ચુકવાઇ હતી તેવું જણાવાયું હતું.તાજેતરમાં બહાર પડેલી વિગતો મુજબ વિપુલ ઠક્કર ગુજરાતના એક મંત્રીના પર્સનલ સેક્ટરી તરીકે ગાંધીનગરમાં કાર્યરત હતા.આ માહિતી જાહેર થતાં તેઓ ભુગર્ભમાં ઉતરી ગયા છે.

## શીખ વિરોધી રમખાણોમાં ૩૪ વર્ષ બાદ સજાઃ એકને ફાંસી,એકને આજીવન કેદ

૧૯૮૪ના નૃસંશ શીખ વિરોધી રમખાણોથી જોડાયેલા કેસમાં કોર્ટે ૩૪ વર્ષ બાદ કોઈને મોતની સજા ફરમાવી છે. દિલ્હીની એક અદાલતે હત્યાના મામલે દોષિત નરેશ સહરાવતને આજીવન કારાવાસની સજા સંભળાવી હતી તો યશપાલ સિંહને મોતની સજા ફરમાવી હતી.આ ઉપરાંત કોર્ટે બેઉ આરોપીઓનો ૩૫-૩૫ લાખ રુપીયા દંડ પણ કર્યો હતો.સલામતીના કારણો સર તિહાર જેલમાં આ ચુકાદો સંભળાવવામાં આવ્યો હતો.કોર્ટે આ કેસમાં તમામ સબંધિત પક્ષોને સાંભળ્યા હતા.

પુર્વ વડાપ્રધાન ઈન્દીરા ગાંધીની હત્યા બાદ ફાટી નિકળેલા શીખ વિરોધી તોફાનોમાં સાઉથ દિલ્હીના મહિપાલપુર વિસ્તારમાં બે શીખ યુવકોની હત્યા કરી દેવાઈ હતી.જેના ભાઈ સંતોખસિંહે કેસ નોધાવ્યો હતો.

## સીબીઆઇ અધિકારીઓના ખટરાગ કેસમાં સુપ્રીમ કોર્ટે ગંભીર નોધ લઇને ટીકા કરતાં કહ્યુ કે “તમે સુનાવણીને લાયક નથી”

દેશની ટોચની તપાસ સંસ્થા સીબીઆઈના બે ટોચના અધિકારીઓ દ્વારા એકબીજા પર મુકવામાં આવેલા ભ્રષ્ટાચારના આક્ષેપોને આવરી લેતા અત્યંત સંવેદનશીલ કેસની વિગતો મીડીયામાં લીક થઇ જતાં સુપ્રીમ કોર્ટ નારાજ થઇ હતી. ‘‘તમે કોઈ સુનાવણીને લાયક નથી’ કહીને સુપ્રીમના જજ્જોએ સીબીઆઈના ડિરેક્ટર આલોક વર્માની પીટીશન પરની સુનાવણી ૨૯ નવેમ્બર પર ટાળી દીધી હતી.

ભ્રષ્ટાચારના આક્ષેપોનો સામનો કરી રહેલા વર્માએ તેમની સત્તાઓ આંચકી લેવા અને ફરજીયાત રજા પર ઉતારી દેવાના સરકારના નિર્ણય સામે સુપ્રીમમાં પીટીશન દાખલ કરી છે.ગત મહિને સેન્ટ્રલ વિજિલન્સ કમિશન એ તેમની સામે ભ્રષ્ટાચારના આક્ષેપો અંગે તેનો રિપોર્ટ રજુ કર્યોહતો.આ રિપોર્ટ તેમજ તેના પર સીબીઆઈના વડાના જવાબ એક સીલબંધ કવરમાં સુપ્રીમમાં રજુ કરાયા હતા.સુપ્રીમે આ બંને પર સુનાવણી કરવાની હતી. પરંતુ તેણે સવાલ કર્યો કે આ તમામ વિગતો કેવી રીતો લીક થઈ અને એક ન્યુઝ



વેબાસઈટે તેને કેવી રીતે પ્રકાશિત કરી દીધી ?

વર્મા સામે સીવીસીના તારણોમાં તેમના જવાબની વિગતો લીક થઈ જવાના મામલે સુપ્રીમે નારાજગી દર્શાવી હતી. ઉપરાંત એક અલગ અરજીમાં સીબીઆઈના ડીરેકટર ડીઆઈજી મનોજકુમાર સિંહાએ કરેલા આક્ષેપોના પ્રકાશનના મામલે કોર્ટે તમામની ઝાટકણી કાઢી હતી.

ચીફ જસ્ટીસ રંજન ગોગોઈની આગેવાની હેઠળની બેન્ચે વર્મા વતી હાજર રહેલા સીનિયર એડવોકેટ ફલી એસ.નરીમાનની વિનંતી પર કેસને ફરીથી સાંભળવાની તૈયારી બતાવી હતી. જો કે તેણે સ્પષ્ટતા કરી હતી કે કોર્ટ કોઈ પાર્ટીને નહીં સાંભળે અને તેને ઉઠાવેલા મુદ્દાઓ સુધીજ તેને સીમીત રાખશે.

કોર્ટ તપાસ સંસ્થાની ભવ્યતા જાળવી રાખવા માટે સીબીઆઈ ડીરેક્ટરનો જવાબ ગુપ્ત રાખવા માંગતી હતી.

## ગૃહમંત્રાલયે જણાવ્યા મુજબ છેલ્લા ત્રણ વર્ષમાં સરહદ પર આપણા ૪૦૦ જવાનો શહીદ થઇ ગયા

કેન્દ્રીય ગૃહમંત્રાલયે શહીદ થયેલા જવાનોના સત્તાવાર આંકડા બહાર પાડ્યા છે. મંત્રાલય અનુસાર ૨૦૧૫થી ૨૦૧૭ સુધીના ત્રણ વર્ષમાં સરહદે ગોળીબાર,આતંકવાદી અને ઉગ્રવાદી ગતિવિધિઓમાં સુરક્ષાદળના ૪૦૦ જવાનો શહીદ થયા છે.ગૃહસીમા સુરક્ષા દળ(બીએસએફ)ના સૌથી વધુ જવાનો શહીદ થયા છે.

૨૦૧૫-૧૭ની વચ્ચે બીએસએપના ૧૬૭ જવાનો સરહદની રખેવાળી કરતાં શહીદ થયા છે.નકસલી ગતિવિધિ અને જમ્મુ કાશ્મીરમાં આતંકવાદીઓનો સામનો કરતી વેળાએ સીઆરપીએફના ૧૦૩ જવાનોએ જીવ ગુમાવ્યા હતા

બીએસએપ ૨૦૧૫માં ૬૨,૨૦૧૬માં ૧૮ અને ૨૦૧૭માં ૪૭ જવાનો તો સીઆરપીએફે ૨૦૧૫માં નવ અને ૨૦૧૬માં ૧૫ જવાનો ગુમાવ્યા હતા.ત્યારબાદ બીજા નંબરે ભારત અને નેપાળ સરહદની રખેવાળી કરતાં સશત્ર સીમાદળનો નંબર આવે છે.સશસ્ત્ર સીમાદળના ૪૮ જવાનો શહીદ થયા છે.૨૦૧૫ અને ૨૦૧૭ની વચ્ચે આઈટીબીપીના ૪૦ જવાનો શહીદ થયા છે.આઈટીબીપી જવાનો ભારત ચી સરહદની ચોકી કરે છે.ઈન્ડો મ્યાનમાર સરહદની રખેવાળી કરી રહેલા તથા પુર્વોત્તર વિસ્તારમાં આતંકવાદીઓ સામે બાથ ભીડી રહેલા આસામ રાઈફલ્સના ૩૫ જવાનોએ શહીદી વહોરી હતી.સેન્ટ્રલ ઈન્ડ્સ્ટ્રીયલ સિક્યોરીટી ફોર્સના બે જવાનો શહીદ થયા હતા દેશના એરપોર્ટની રક્ષાની જવાબદારી સેન્ટ્રલ ઈન્ડસ્ટ્રીયલ સિક્યોરીટીને માથે છે.

ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ
નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

મહારાષ્ટ્ર સરકારે છેલ્લા ગત પાંચ દિવસોમાં બીજ વખત ઉગ્ર સામાજીક આંદોલન ખેડુતો દ્વારા કરવામાં આવ્યું તેના કારણે સરકારે ઘુંટણીયે પડવા સિવાય કોઈ વિકલ્પ બચ્યો નહી અને આખરે ખેડુતોના નેતાઓ સમક્ષ લેખિતમાં માંગણીઓ સ્વીકારી લીધી.આ પહેલા ખેડુતોએ કરેલા શાંતિપુર્ણ આંદોલનને દેશભરમાં તેનો ટેકો મેળવ્યો હતો. કારણકે કોઈપણ જાતના ઉગ્ર દેખાવો વગર,તોડફોડ કે હિંસા આચર્યા વગર શાંતિપુર્ણ રીતે તેઓએ તેમની માંગણીઓ સંતોષાય માટે આંદોલન કર્યુ હતું.આંદોલનકારી અને તેના નેતાઓને ખાસ ધન્યવાદ આપવા ઘટે કે તેમણે સરકાર સામે ચલાવેલા આંદોલન શિસ્તબધ્ધ રીતે ચાલ્યું અને તેમની માંગણીઓ માટે શાંતિપુર્ણ રીતે દેખાવો યોજ્યા. આ ઉપરાંત તેમણે મહારાષ્ટ્રના નાગરિકો અને વિદ્યાર્થીઓની હિત માટે પોતાની કુચના ટાઇમો ફેરવીને પરીક્ષાથીઓને અગવડ ના પડે તે રીતે આયોજન કર્યુ.આદિવાસી ખેડુતો,કિસાનો અને અન્ય આંદોલન સાથે જોડાયેલા લોકોએ શિસ્તબધ્ધ જે રીતે પુરી કુચનું આયોજન કર્યુ તે કાબિલે દાદ માંગી લે તેમ છે.

ફરીથી બીજી વાર ખેડુતોનો મહાસાગર છલકાયો અને તેમણે મહારાષ્ટ્રની વિધાનસભા તરફ કુચ કરી પરંતુ તે પણ શાંતિપુર્ણ રીતે.સરકારે તેમની માગણીઓને લેખિત રીતે સ્વીકારી અને ત્રણ મહિનામાં તેનો ઉકેલ લાવવાની ખાત્રી આપી.જો કે સરકારે એક કાંકરેબે પક્ષી માર્યા જેવો ઘાટ છે.આવનાર દિવસોમાં લોકસભાની ચુંટણીઓને લક્ષમાં રાખીને જનમત વિરોધમાં પલટાઇ નહી જાય તેની દરકાર રાખતાં સમય લંબાવ્યો અને જે તે સમયની નજીક જાહેરાત કરીને મતબેંકને પોતાની તરફેણમાં પલટાવી નાખવાનો વ્યુહ પણ તૈયાર કર્યો. ખેર, એ સત્તા મેળવવાના નુસખા સહુ કોઈ કરે છે તેમાં નવાઇ પામવા જેવું નથી. પરંતુ આ રાજકારણીઓ દર વખતે નુસખા અજમાવીને દેશની પ્રજાન મુરખ બનાવે છે તે અગત્યનું છે.

ફરીથી ચુંટણી ટાણે મંદિરનો આલાપ ગુંજવા લાગ્યો.ભાજપના સાથી પક્ષો એ હવે મેદાન સંભાળી લીધું છે. સરકાર સીધો જ મદિર બાબતે હુમલો કરી શકે નહીં તેથી વિએચપી અને શિવસેનાને વિરોધીઓના નાતે પોતાના જ હિતમાં મેદાનમાં ઉતારી દીધી છે.મંદિર બનાવવા માટે આ લોકો પ્રયત્ન કરશે. યોગીજી અને મોદીજી આંખો બંધ કરીને ભજનોનો આલાપ ગાશે અને ભક્તજનો તેમના કાર્યને પુરુ કરવામાં મદદ કરશે. મંદિર કરતાં ચુંટણી વધારે અગત્યની છે. સત્તા મેળવવા માટે કોઈપણ મુદ્દો હવે કામ લાગે તેમ નથી.વિકાસને બહાને હવે કોઇ બહાના ચાલે તેમ નથી.અને બીજા અનેક મુદ્દાઓ તેમની વિરુધ્ધમાં ચાલી રહ્યા છે. નોટબંધી,જીએસટી,રાફેલ કે રિઝર્વ બેન્ક વિગરે તેમનાથી વિરુધ્ધમાં જઇ રહ્યા છે માત્ર એક એવો મુદ્દો છે જેના મારફતે હજુ પણ લોકોને લલચાવી શકાય અને અંધશ્રધ્ધામાં લીન એવી પ્રજાને ફરી એક વાર મુરખ બનાવવાનો કીમીયો કારાગત નીવડે અને સત્તા હસ્તગત કરી લેવાય તેનો મનસુબો દેખાઇ રહ્યો છે.

ગૌમાંસ,અસહિષ્ણુતા કે કોમવાદ વિગેરે મુદ્દાઓ ધીમે ધીમે પડદા પાછળ જતા ગયા છે પરંતુ તેનો સાવ ભુલાઇ ગયા નથી. જ્યારે કામમાં લેવા પડે ત્યારે તેના માટે ભક્તજનો તૈયાર બેઠેલા છે અને તેને ઉપયોગમાં લઇને વાતાવરણમાં ફરીથી ગરમી લાવી શકાય.લોકો મોંઘવારી,ભ્રષ્ટાચાર એવા મુદ્દાઓ તરફ જોઇ રહી છે પરંતુ ઇવીએમમાં તેની અસર થાય છે કે નહી તે જોવાનું રહ્યું. ખરેખર જો પ્રચાર સાહિત્ય કે મીડીયા જ મતપેટીઓ છલકાવી દે તેમ હોય તો પછી ઇવીએમનો કોઇ દોષ માની શકાય કે નહીં. વિરોધીઓ અને સત્તાધીશો એકબીજાના બચાવ કરવાના છે પરંતુ લોકોને કોનામાં વિશ્વાસ મુકવો તે ખબર પડતી નથી.

અનુ. પાન નં ૨ ના પાંચમા કોલમથી ચાલુ

વિવાદનો પુરાવો નેશનલ ક્રાઇમ રેકોર્ડસ બ્યુરોના ૨૦૧૨ના અહેવાલમાંથી મળ્યો.આ અહેવાલની વિગતો શિકાગો બુથ ના તારણોથી અલગ છે.કદાચ એવું હોય. બ્યુરોના ૨૦૧૨ના અહેવાલ મુજબ લગ્ન જીવનમાં ધીરજના અભાવે સહનશક્તિના અભાવે કે અન્ય કારણોસર પેદા થતા તનાવનું પ્રમાણ વાંઢા કરતાં માંડેલામાં ગુજરાતમાં વધારે છે.આ તનાવની સંખ્યા ગુજરાતમાં પરિણીતોમાં ૪૫૦ હતી .જ્યારે અપરણિતોમાં ૧૬૨૫ હતી. જ્યારે ઘરભંગ (વિધુર-વિધવા)માં ૩૧૪, છુટાછેડા લીધેલામાં ૧૧૦ અને છુટા પડી ગયેલામાં ૧૧૧ હતી. ધીરજ ગુમાવવાના જુદા જુદા કારણો આ પ્રકારે હતા. સબંધોમાં નિષ્ફળતા (૧૨૩)કૌટુંબિક પ્રશ્નો (૧૨૨૯),પ્રેમમાં નિષ્ફળતા (૨૭૮),બેરોજગારી(૨૨૪),માંદગી (૯૯૧). આ અને આવા કારણોથી ધીરજ ગુમાવવાનું સાહસ કરતાં પ્રત્યે સકારણ સહાનુભુતિની લાગણી જન્મે. સૌથી વધુ ચિંતાનો વિષય કોમનમેનને એ લાગે છે કે ધીરજના અભાવનું સૌથી વધુ પ્રમાણ ૧૫ થી ૨૯ વર્ષના વયજુથમાં (૨૮૦૦)કિસ્સા હતા.૩૦ થી ૪૮ વયજુથમાં (૨૪૩૨),૪૫-૪૯ના વયજુથમાં (૧૩૩૧)અને ૫૦ થી વધુ વયજુથમાં ૪૩૮ કિસ્સાઓ હતા. જેમ જેમ વ્યક્તિની ઉંમર વધતી જાય તેમ ડહાપણ પણ વધતું હશે તેથી ધીરજનો અભાવ ઘટતો જાય અને ધીરજનું પ્રમાણ વધતું જાય એ આ આંકડા પુરવાર કરે છે.આ વિગતોની જાણકારી પછી વરિષ્ઠ નાગરિકો યુવાનોને એક કહે તે સ્વાભાવિક છે.મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડીયા. વૃદ્ધાશ્રમોની વધતી સંખ્યા અને યુવાનોમાં ધીરજના અભાવના આંકડા. આ બે ફલિતાર્થો સૌને સમજાય એવી કોમનમેન પ્રાર્થના કરે છે.

લેખકઃ હસમુખ પટેલ ()સૌ.સંદેશ)

# ભીમા કોરેગાંવ કેસમાં દાખલ કરાયેલી ચાર્જશીટમાં દાવો કરાયો હતો કે માઓવાદીઓએ મોદીની હત્યાનું કાવતરુ કર્યુ હતું

કેટલાક માઓવાદી નેતાઓએ વડાપ્રધાન મોદીની હત્યાનું કાવતરુ કરી રહ્યા છે અને તેમણે દેશ સામે યુધ્ધ છેડવા માટે શસ્ત્રો અને દારુગોળા મેળવવાની યોજના કરી હતી તેઓ દાવો પુણે પોલીસે અલગાર પરિષદ કેસમાં ફાઇલ કરેલી તેની ચાર્જશીટમાં કર્યા છે. પોલીસે એવું પણ કહ્યુ છે કે આ માઓવાદીઓ દલિતોને એકત્ર કરીને તેમને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યા છે.અને ગત વર્ષે ડિસેમ્બરમાં યોજાયેલા અલગાર પરિષદ કોન્કલાવ પણ આ જ વ્યુહનો એક ભાગ છે.ચાર્જશીટમાં ઉમેરાયું હતું કે માઓવાદીઓના સમર્થન ધરાવતી કોન્કલાવમાં પહેલી જાન્યુઆરીએ કોરેગાંવ ભીમામાં હિંસા ભડકી હતી.

૫૦૦૦ પાનાની ચાર્જશીટમાં ૧૦ વ્યક્તિઓનું નામ આપ્યુ હતું.જેમાં કાર્યકર્તાઓ સુરેન્દ્ર ગાડલિંગ,મહેશ રાઉત,સોમા સેન,રોના વિલ્સન એ સુધીર ધવાલેનો સમાવેશ થાય છે.આ તમામની ધરપકડ છઠ્ઠી જુને કરાઇ હતી.આ ઉપરાતં હાલમાં અંડરગ્રાઉન્ડ થયેલા મનાતા માઓવાદી નેતાઓ દીપક ઉર્ફે મિલિંદ તેલતુંમ્બડે, કિશનદા ઉર્ફે પ્રશાંત બોઝ,પ્રકાશ ઉર્ફે રિતુપર્ણ ગોસ્વામી દીપુ અને મગલુના નામો પણ સામેલ કરાયા છે.ચાર્જશીટમાં ઉમેરાયું છે કે રોના વિલ્સન અને ભાગેડું કિશનદા વડાપ્રધાન મોદીના હત્યાનું અને દેશ સામે યુધ્ધ છેડવાનું કાવતરું કરી રહ્યા હતા.અને તે માટે તેઓ શસ્ત્રો અનેસરંજામ ખરીદવાનું આયોજન કરી રહ્યા હતા.

# ટુ બી ઓર નોટ ટુ બી, જેવી સ્થિતિ જીવનમાં વારંવાર આવે

કહેવતો અને રૂઢિપ્રયોગોમાં વ્યક્ત થતા વિચારોમાં અનુભવોનો અર્ક હોય છે.કોઇ હકીકત કે વિચાર સમજાવવા માટે એક લાંબો લચ નિબંધ લખવો પડે તેમ હોય ત્યાં ત્યારે કહેવત કે રૂઢિપ્રયોગ એક વાક્યમાં બધું સમજાવી દે છે. આથી જ કોમનમેનને કહેવત જાણવાની, સમજવાની કે કહેવાની ઓર મજા આવે છે.ક્યારેક એવું બને કે,બે કહેવતો પરસ્પર વિરોધાભાસી હોય ત્યારે સ્વાભાવિક રીતે જ કોમનમેનના મનમાં દ્વિધા પેદા થાય છે.દાખલા તરીકે, બોલે તેના બોર વેચાય,અને ન બોલ્યામાં નવ ગુણ.જો કે આવી દ્વિધાભરી કે હેમલેટની જેમ ટુ બી ઓર નોટ ટુ બી, જેવી સ્થિતિ કોમનમેનના જીવનમાં વારંવાર આવતી હોય છે.તેથી કોમનમેન એમાંથી રસ્તો કાઢવાનો પ્રયત્ન કરી લે છે.આવી એક કહેવત : ધીરજના ફળ મીઠા( જો કે ટાઇપ સેટ કરવામાં મીઠા ને બદલે માઠા થઇ જાય તો ,અર્થનો અનર્થ થવાની સો ટકાની ખાતરી આપવામાં ખોટા પડવાની એક ટકાની પણ સંભાવના નથી.)પ્રશ્ન એ તો ખરોજ કે ધીરજના ફળ મીઠા કે માઠા ?

અમેરિકાના શિકાગોની ગ્રેજ્યુએટ સ્કુલ ઓફ બીઝનેસ જે તેના દાતા ડેવીડ બુથના નામથી શિકાગો બુથ નામે ઓળખાય છે.શિકાગો બુથ ના અર્થશાસ્ત્રી યુજીન ફામાને અર્થ શાસ્ત્રના નોબેલ પારિતોષિકના ત્રણમાંના એક વિજેતા જાહેર કરાયા છે.આ શિકાગો બુથના સંશોધક એપલેટ ફિશબેશના અભ્યાસ દ્વારા ધીરજના ફળ મીઠા કહેવતને વૈજ્ઞાનિક આધાર સાંપડ્યો છે.આ અભ્યાસ મુજબ જો કોઇ બાબતમાં રાહ જોવાની આદત હોય તો તે લાભદાયક પુરવાર થઇ શકે છે કારણકે આ પ્રકારની આદતથી વ્યક્તિની ધીરજવૃત્તિમાં વધારો થાય છે. પરિણામે ખાસ કરીને આર્થિક બાબતો અંગેના નફાકારક કે લાભદાયી નિર્ણયો લઇ શકે છે. ધીરજ અંગેની આ ઐતિહાસિક મુલવણી લોકો સમક્ષના ટુંકા ગાળાના અને લાંબા ગાળાના વિકલ્પોને નજર સમક્ષ રાખીને કરાઇ હતી.વ્યક્તિ વર્તમાન સમયનું મુલ્યાંકન પ્રમાણમાં વધુ કરે છે જયારે ભવિષ્યના મુલ્યાંકનની અવગણના કરે છે.તેવી માન્યતા છે. પણ ખરેખર,જો વ્યક્તિ નિર્ણય લેવામાં ધીરજ રાખે, પ્રતિક્ષા કરે તો વળતર વધુ મુલ્યવાન બને છે.એવું તારણ ફીસબેશે સંશોધન પછી કાઢ્યું છે.ફિશબેશ અને તેમના સાથી ઝીઆની દાઇએ ધીરજના અતિ મુલ્યવાન હોવાના આ નિર્ણય પર પરિક્ષણ કરવા માટે ચીન, હોંગકોંગ અને અમેરિકામાં સંખ્યાબંધ પ્રયોગો કર્યા હતા.શિકાગોની બુથ સ્કુલ બિઝનેસના અર્થશાસ્ત્રીને અર્થશાસ્ત્રનું નોબેલ પારિતોષિક મળે તેને કોમનમેનને નવાઇ નથી લાગતી કારણકે ધીરજ વિશેની તેમની શોધને કારણે કોમનમેનને ધીરજપુર્વક કોઇપણ બાબતમાં નિરાંતે શ્વાસ લેવાની સગવડ થઇ છે.જો કે અર્થશાસ્ત્રી યુજીન ફામાએ અર્થશાસ્ત્રના જે સિધ્ધાંતોની ચર્ચા માટે અન્યોને પુરસ્કરાર પ્રાપ્ત થયો પણ યુજીન ફામાને નોબેલ પુરસ્કાર માટે દશ વર્ષોથી વધુ સમય ધીરજમાં વીતાવવા પડ્યા હતા.ધીરજના ફળ મીઠા તે આને કહેવાય. એ કહેવત તેમના માટે સાચી અને સફળ પુરવાર થઇ છે એમ કોમનમેન માને છે.

ધીરજના ગુણ આર્થિક રીતે જ ફાયદા કારક છે તેવું નથી.સામાજિક દ્દષ્ટિએ પણ ધીરજનો ગુણ ધૈર્યવાનને ઉપયોગી થાય છે.મિશિગન સ્ટેટ યુની.ના સંશોધકોએ એક અભ્યાસ બાદ એવું સિધ્ધ કર્યુ છે કે લગ્ન લાંભા ગાળા સુધી હતાશા અને દુઃખ સામે રક્ષણ આપે છેકારણકે લગ્નથી ધીરજના ગુણનો વિકાસ થાય છે. કોમનમેન તો, એટલે સુધી કહેવાત તૈયાર છે કે લગ્ન દ્વારા ધીરજના ગુણની કસોટી થાય છે. આ સંશોધન મુજબ અપરણીત, વાંઢા કરતાં પરિણીત વ્યક્તિ હતાશાને પહોંચી વળવા વધુ સક્ષમ હોય છે.બ્રિટનના જાણીતા અખબાર ડેઇલી મેઇલે આ અભ્યાસના તારણ ટાંકી જણાવ્યું છે કે સરેરાશ લોકો લગ્ન કર્યા બાદ વધારે ખુશ હોય છે. કુંવારાપણામાં જે ખુશી હોય છે તેના કરતાં લગ્નજીવનમાં વધુ ખુશી હોય છે. એ તે પણ લાંબાગાળાની. અમેરિકન સંશોધકો જણાવે છે કે તે મુજબ પરિણિત કેન્સરના દર્દીઓ અપરિણીત દર્દીઓની તુલનામાં વધુ જીવે છે.વાસ્તવમાં કેટલ ાક પ્રકારના કેન્સરમાં કેમોથેરપી કરતાં પરિણીત હોવું એ વધુ અકસીર ઇલાજ પુરવાર થાય છે.એમ બોસ્ટનના હાવર્ડ મેડિકલ સ્કુલના ડોકટર એથલ આઇજરે જણાવ્યું હતું.પરણિત દર્દીઓના કેન્સરના પ્રારંભિક તબક્કામાં જ નિદાન થઇ જવાથી રોગનો સમયસર યોગ્ય ઇલાજ થઇ જાય છે.જે દર્દીના આયુષ્યને લંબાવવામાં મદદરુપ થાય છે.તેમના આ અભ્યાસ પરથી એ પ્રસ્થાપિત થયું છે કે ફેફસાં, સ્તન, પ્રોસ્ટેટ,લીવર અને ગર્ભાશય જેવા કેન્સરમાં લગ્ન વ્યક્તિન લાંબા સમય સુધી જીવવામાં મદદરુપ બને છે.લગ્નને કારણે મળનારી સામાજિક મદદ લોકોને આ બિમારીમાંથી બહાર લાવવામાં મદદ કરે છે.કેન્સરની સારવારમાં કેમોથેરાપી કરતાં લગ્ન વધુ અસરકારક હોય છે.આંકડાકીય છેતરપીંડી કરવી હોય તો કહેવાય કે પ્રત્યેક એક ૧૦૦૦ હજાર પરણેલી વ્યક્તિએ માંડ એક વ્યક્તિને કેન્સર થાય છે.

આ સંશોધનોના આધારે લગ્ન લક્કડ કા લાડુ, ખાય વો ભી પછતાય અને નખાય વો ભી પછતાય. એ કહેવતનો શો બોધ લેવો કે ગુઢાર્થ સમજવો એ તારવવામાં સ્વાભાવિક રીતે જ કોમનમેન ગુંચવાઇ જાય ને નિષ્ફળ જાય છે. લાડુ એ પછી તિરુપતિ મંદિરના હોય કે સ્વામીનારાયમ મંદિરના, સ્વાદિષ્ટ જ લાગે.પણ લગ્ન નામક લાડુ, વિશે તો માત્ર ધાર્મિક જ નહી ,તમામ ક્ષેત્રોમાં વાદવિવાદ છ. તેની કોમનમેનને વારંવાર પ્રતિતી થાય છે.આ વાદ

અનુ. પાન ૨ ના પ્રથમ બે કોલમ

# શ્રીલંકામાં રાજકીય કટોકટી પરાકાષ્ઠાએ: સાંસદોએ છુટ્ટા હાથની મારામારી કરીને સંસદની ગરીમા લજવી

શ્રીલંકાની સંસદમાં રાજપક્ષે અને વિક્રમાસિંઘેના ટેકેદારો વચ્ચે છુટ્ટા હાથની મારામારીના વરવા દ્રશ્યો સર્જાયા હતા.વડાપ્રધાનપદ માટે બાખડેલા બે જુથો વચ્ચે મારામારી થઈ હતી.શ્રીલંકામાં પીએમ રાજપક્ષેની સરકારને સંસદામાં વિશ્વાસનો મત નહીં મળતાં સંસદના સ્પીકર દ્વારા હટાવવામાં આવ્યા હતા.ત્યારબાદ રાજકીય સંકટ વધુ ઘેરુ બન્યું હતું.

હાલમાં ત્યાં કાયદેસર રીતે કોઈ વડાપ્રધાન નથી.પીએમ પદ પરથી હટાવેલા રાજપક્ષેએ દાવો કર્યો હતો કે વડાપ્રધાનની નિયુક્તિ કે હટાવવાનો અધિકાર સ્પીકરને નથી.આ પછી રાજપક્ષેના ટેકેદારોએ સ્પીકર પર પાણીની બોટલો અને પુસ્તકો ફેક્યા હતા.

૨૬ ઓક્ટો.રાષ્ટ્રપ્રમુખ સિરિસેના દ્વારા પીએમપદ ૫ રથી વિક્રમાસિંઘને હટાવીને રાજપક્ષેને પીએમ બનાવાયા હતા.ત્યારથી રાજકીય સંકટ ઘેરુ બન્યું હતું.

શ્રીલંકાના પીએમ મહિન્દ્રા રાજપક્ષેએ દાવો કર્યો હતો કે સ્પીકર પાસે ધ્વનિમતથી તેમને હટાવવાનો અધિકાર નથી. સંસદમાં રાજપક્ષે વિરુધ્ધનો અવિશ્વાસ પ્રસ્તાવ પાસ થયો તે પછી મામલો બિચક્યો હતો.બંને પક્ષો સત્તા પર રહેવા માટે મરણિયા બન્યા હતા.

ફરી બોલાવાયેલ સંસદમાં સ્પીકરે કહ્યુ હતું કે દેશમાં સરકાર જેવું કશું નથી.અહીં કોઈ વડાપ્રધાન નથી કેબિનેટ નથી. પછી ભલે તે રાષ્ટ્ર પ્રમુખ દ્વારા નિયુક્ત કરવામાં આવેલા રાજપક્ષે હોય કે તેમના હરિફ વિક્રમાસિંઘે હોય. રાજપક્ષેએ સ્પીકરના નિર્ણયને ફગાવ્યો હતો.અને કહ્યુ કે કોઈ મહત્વનો નિર્ણય ધ્વનિમતથી લઈ શકાય નહીં.સ્પીકરને વડાપ્રધાનને નિયક્ત કરવાનો અધિકાર નથી.

# મહારાષ્ટ્રમાં મરાઠા સમુદાયને અનામત ક્વોટા આપવાનો રિપોર્ટ તૈયાર કરાયો

મહારાષ્ટ્ર સ્ટેટ બેકવર્ડ કલાસ કમિશને મરાઠા સમુદાયની સામાજિક અને આર્થિક સ્થિતિ અંગે તેનો રિપોર્ટ સુપરત કરી દીધો છે.જેમાં મરાઠા કોમ માટે ક્વોટાની તરફેણ કરવામાં આવી હોવાનું એક સરકારી સુત્રે કહ્યુ હતું.કમિશને મહારાષ્ટ્રના ચીફ સેક્રેટરી ડી.કે.જૈનને આ રિપોર્ટ સોપ્યો હતો.જૈને કહ્યુ હતું કે રિપોર્ટનો અભ્યાસ કર્યા પછી તેના માટે યોગ્ય નિર્ણય કરવામાં આવશે.સુત્રનું કહેવું છે કે રિપોર્ટમાં ઓબીસીના હાલના ક્વોટા સાથે છેડછાડ કર્યા વગર સરકારી નોકરી અને શૈક્ષણિક સંસ્થાઓમાં અનામતની માંગણીના ટેકામાં જુલાઈ અને ઓગષ્ટમાં વ્યાપક આંદોલન થયું હતું. આ મામલે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસે કહ્યુ હતું કે અમને રિપોર્ટ મળી ગયો છે.હવે આગામી ૧૫ દિવસમાં જ તમામ ઔપચારિકતા પુર્ણ કરાશે. અગાઉ દિવસમાં અહેમદનગર જિલ્લામાં એક રેલીને સંબોધતાં ફડનવીસે કહ્યુ હતું કે આ કોમની માંગ પુર્ણ કરવા તરફ સંકેત આપ્યો હતો.તેમણે કહ્યુ હતું કે કેટલાક લોકોએ ૨૬ નવેમ્બરથી ક્વોટા માટે નવેસરથી આંદોલન કરવાની ધમકી આપીહતી.તમારે શ્રેય લેવા માટે આવું બધું કરવાની ક્યાં જરુર છે ?આંદોલન કરવાને બદલે તમે ઉજવણી માટે તૈયાર રહો.


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨


# સંઘ એક રાજકીય સંસ્થા,અમારી સરકાર આવશે તો લગામ લગાવીશું : ચિદમ્બરમ

કોગ્રેસના નેતા અને પુર્વ કેન્દ્રીય મંત્રી પી.ચિદમ્બરમે સંઘ પર નિશાન સાધતા કહ્યુ હતું કે સંઘ એક રાજકીય સંસ્થા છે. સરકારી કર્મચારી જ્યાં સુધી કાર્યરત હોય ત્યાં સુધી તેણે ખુલ્લેઆમ કોઈપણ રાજકીય પક્ષ સાથે ના જોડાવું જોઈએ. કોગ્રેસે પોતાનો ચુંટણી ઢંઢેરો જાહેર કરતાં હિદુત્વનો નરમ ચહેરો ઉપસાવતાં વચનો આપવા સાથે સંઘ પ્રતિ કડક વલણો જાહેર કર્યા હતાં.કોગ્રેસના ચુંટણી ઢંઢેરામાં કહેવામાં આવ્યું છે કેપોતે મધ્ય પ્રદેશમાં સત્તા પર આવશે તો સરકારી સંકુલમાં સંઘની શાખા નહીં યોજવા દે.ચિદમ્બરમે ચુંટણી ઢંઢેરામાં આપવામાં આવેલા વચનને સમર્થન આપતાં કહ્યુ કે સરકારી સંકુલોમાં ચાલતી સંઘની શાખાઓ બંધ કરવામાં આવશે તેમ કહેવું કંઈ ખોટું નથી.

આરએસએસ કોગ્રેસના આ વલણથી રોષે ભરાયો હતો.ભાજપ પ્રવક્તા સંબિત પાત્રાએ કહ્યુ હતું કે એવું લાગે છે કે કોગ્રેસનો એકજ એજન્ડા છે. મંદિર નહી બનવા દઈએ શાખા નહીં ચાલવા દઈએ.જો કે મંદિર અને સરકારી સંકુલોમાં ચાલતી શાખાઓ સાથે કોઈ સબંધ નથી.હકીકતે કોગ્રેસે પોતાના ઘોષણા પત્રમાં કહ્યુ છે કે મધ્યપ્રદેશમાં પક્ષ સત્તા પર આવશે તો સરકારી



ઈમારતો અને સંકુલોમાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘની શાખાના આયોજનને મંજુરી નહી આપે. સરકારી કર્મચારીઓને શાખામાં ભાગ લેવા છુટછાટ આપતો આદેશ રદ કરશે.

# હૈદ્રાબાદના વૈજ્ઞાનિકોએ હવે હલાલ મીટને ઓળખવાની ટેકનિક શોધી કાઢી

રેસ્ટોરન્ટમાં પીરસાતા અને સુપર માર્કેટમાં હલાલ મીટને નાને વેચાતા મીટ શુ ખરેખર હલાલ મીટ હોય છે ? હૈદ્રાબાદના નેશનલ રિસર્ચ સેન્ટર ઓન મીટે દાવો કર્યો હતો કે પહેલી વાર તેમણે લેબોરેટરીમાં ટેસ્ટ વિકસાવ્યો છે. આ ટેસ્ટ પછી વૈજ્ઞાનિકો કહી શકશે કે મીટ હલાલનું છે કે નહીં.

એનઆરસીએમ ના વૈજ્ઞાનિકોએ જણાવ્યુ હતું કે આ ટેસ્ટ તેમને હલાલ કરવામાં આવેલા ઘેટાં અને વીજળીના ઝાટકાથી મારવામાં આવેલા ઘેટા પર કર્યુ હતું.આ પરીક્ષણ કર્યા પછી બંને ઘેટાના મીટમાં બહુ વધારે તફાવત જોવા મળ્યો. વૈજ્ઞાનિકોનં માલુમ પડ્યું હતું કે સુક્ષ્મ સ્તરે બંને મીટ બહુ અલગ છે.હલાલ કરવામાં આવેલા ઘેટાના મીટમાં પ્રોટીનનો વિશેષ સમુહ મળી આવ્યો. જે ઝટકાવાલા મીટમાં અલગ હતો.હવે વૈજ્ઞાનિકો બતાવી શકશે કે હલાલ મીટના નામે વેચવામાં આવી રહેલું મીટ વાસ્તવમાં હલાલનું છે કે નથી.વૈજ્ઞાનિકોએ દાવો કર્યો હતો કે હલાલ મીટની ઓળખ કરવા માટે આ વિશ્વનો પહેલો ટેસ્ટ છે. રકત જૈવિક રાસાયણિક માપદંડો અને પ્રોટિન સ્ટ્કચરની તપાસને આધારે હલાલ મીટની ઓળખ કરી શકાય છે.

# તામીલનાડુમાં વાવાઝોડા ગાજા નો ઉત્પાત

તામિલનાડુના દરિયાકિનારા પર ત્રાટકેલા વાવાઝોડા ગાજાએ વ્યાપક નુકશાન કર્યુ છે અને ૨૬ના મોત નિપજ્યા છે.રાજ્ય સરકારે૮૧૯૪૮ લોકોને સલામત સ્થળે ખસેડ્યા હતા.૪૭૦ જેટલા રાહત કેમ્પો ખોલવામાં આવ્યા હતા.પાડોશી રાજ્ય પાંડેચરીનાં પણ આ વાવાઝોડાથી નુકશાન થયું છે.માછીમારોને હજુ પણ દરિયો નહિ ખેડવાની સુચના આપવામાં આવી છે.

રાજ્ય સરકારે આપત્તીમાં માર્યા ગયેલાઓ માટે દસ લાખની સહાય આપવાની જાહેરાત કરી છે.છાપરા ધરાવતાં મકાનો ધરાશયી થયા છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.
અમી સર્જીકલ
જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨


મનુષ્યના ફેફસામાં ૩૦૦ અરબ જેટલી રક્તવાહીનીઓ છે.
ટોમ સોયરે નવલકથા લખવા માટે પહેલીવાર ટાઈપરાઈટરનો ઉપયોગ કર્યો હતો.


જાહેરાત માટે સંપર્ક કરો
આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
કેર કોમ્પ્યુટર સેન્ટર
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦
વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.
આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી
સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# કેન્દ્ર સરકારે પહેલી વાર કબુલ્યુ : નોટબંધીથી ખેડુતોની કમર તુટી ગઇ : કૃષિ મંત્રાલયે નાણામંત્રાલયની સંસદીય સમિતિને અહેવાલ સોપ્યો

નોટબંધીને બે વર્ષ પુરા થયા છે પણ તેની ચર્ચા હજુ ચાલું છે.સરકાર નોટબંધીની ઉપલબ્ધિ સાબિત કરવામાં લાગી હતી અને વિરોધપક્ષ સતત કહી રહ્યો છે કે નોટબંધીને કારણે નુકશાન થયું છે. હવે કેન્દ્ર સરકારે પોતે પહેલી વાર માન્યું છે કે નોટબ ંધીને કારણે ખેડુતો પર ખુબ ખરાબ પ્રભાવ પડ્યો હતો અને તેમની કમર તોડી નાંખી હતી.નાણામંત્રાલય સાથે સંકળાયેલી સંસદીય સમિતિને સોપેલા પોતાના અહેવાલમાં કૃષિમંત્રાલયે જણાવ્યુ છે કે નોટબંધીને કારણે ખેડુતોને ભારે નુકશાન પહોચ્યું છે. સંસદીય સમિતિને સોપેલા નોટબંધીના પ્રભાવ વિષેના અહેવાલમાં કૃષિમંત્રાલયે જણાવ્યુ છે કે ખેડુતો પાસે રોકડની અછત સર્જાવાને કારણે રાષ્ટ્રીય બીજ નીગમના અંદાજે ૧,૬૮,૦૦૦ ક્વિન્ટલ ઘઉના બીજનું વેચાણ જ નહોતું થયું. જો કે સ્થિતિ કથળી રહેલી હોવાનું ધ્યાને આવતાં સરકારે જુની ચલણી નોટની મદદથી બીજ ખરીદી શકાશે તેવી છુટછાટ આપી તો હતી, તેમ છતાં બીજવેચાણમાં તેજી જોવા મળી નહોતી.

કૃષિ મંત્રાલયે પોતાના અહેવાલમાં તો નોટબંધીના કુપ્રભાવ વિશે જણાવ્યુ છે પરંતુ કૃષિપ્રધાન રાધામોહનસિંહે તે વાતનું ખંડન કરતાં ટ્વિટ કરીને જણાવ્યુ હતું કે વર્ષ ૨૦૧૬-૧૭માં બીજ વેચાણ વર્ષ ૨૦૧૫-૧૬ કરતાં વધુ થયુ હતું તે જોતા કહી ના શકાય કે નોટબંધીનો કૃષિ પ ર કુપ્રભાવ પડ્યો છે.તેમણે કહ્યુ કે નોટબંધી થઈ ત્યારે ઘઉનવા બીજને બાદ કરતાં બાકી બીજનું વેચાણ થઈ ચુક્યું હતું. વર્ષ ૨૦૧૫-૧૬ માં ૩૦૪.૦૪ લાખ ટન બીજનું વેચાણ થયું હતું. તો તેને મુકાબલ ે વર્ષ ૨૦૧૬-૧૭માં રવિ મોસમમાં બીજનું વેચાણ ૩૪૮૫૮ લાખ ટન થયુ હતું.રવિ પાક પર નોટબંધીનો પ્રભાવ પડ્યાનું કહી શકાય તેમ નથી.

શ્રમમંત્રાલયે પણ નોટબંધીની પ્રશંસા કરતાં પોતાના અહેવાલમાં જણાવ્યુ છે કે મોટી નોટબંધ થઈ તે પછીના ત્રિમાસિક રોજગારીના આંકડામાં વૃધ્ધિ જોવા મળી છે. જો કે વિરોધ પક્ષ શ્રમ મંત્રાલયના દાવાથી વિપરિત વાત કરી રહ્યો છે.વિરોધપક્ષ કહેતો હતો કે નોટબંધી પછી રોજગારીની તકો ઘટી છે.રાહુલ ગાંધી કૃષિમંત્રાલયના અહેવાલ અંગે ટ્વિટ કરતા લખ્યું છે કે મોદીજી આજે પણ ખેડુતોના દુર્ભાગ્યની મજાક ઉડાવે છે.હવે તેમનુ કૃષિમંત્રાલય પણ કહે છે કે નોટબંધીથી તુટી ખેડુતોની કમર.


## ડૉ.હેમેન્દ્ર જી. પરીખ

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in





**વિનંતી**

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.



## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ. શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

સંપર્કઃ એ એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


# ભ્રષ્ટાચારની ઉધઇ સાફ કરવા માટે નોટબંધી જેવી કડવી દવાનો ઉપયોગ કરાયો હતો : વડાપ્રધાન મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મધ્યપ્રદેશના ઝાબુઆમાં ચુંટણી પ્રચાર વેળાએ એક જનસભાને સંબોધતાં તેમણે કોગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા.આ દરમિયાન તેમણે નોટબંધીના મુદે વિપક્ષોના વારંવારના પ્રહારોને લક્ષમાં લઈને કહ્યુ હતું કે નોટબંધી એક ઝેરી અને કડવી દવા હતી પણ તેનો ફાયદો પણ થયો છે.જે રીતે ઉધઈને ખતમ કરવા માટે અતિ ઝેરી દવા જરુરી છે તેમ કોગ્રેસના શાસન દરમિયાન થયેલા ભ્રષ્ટાચારને ખતમ કરવા માટે નોટબંધી જેવી તીવ્ર અને કડવી દવાનો ઉપયોગ કરવો પડ્યો હતો.



ઝાબુઆની જનસભામાં વડાપ્રધાને મુદ્રા યોજના, ગ્રામ સડક યોજના, આયુષ્યમાન ભારત અને આવાસ યોજનાની ઉપલબ્ધીઓ ગણાવી હતી.તેમણે કહ્યુ હતું કે મુદ્રા યોજના અંતગર્ત સરકારે ૧૪ કરોડની લોન કોઈપણ ગેરંટી વિના સ્વીકૃત કરી છે.જેમાંથી ૭૦ ટકા લોકો એવા છે જેમને બેન્કમાંતી પ્રથમવાર પૈસા લેવાનું સૌભાગ્ય મળ્યું ચે.એ ગરીબ યુવાનોને વ્યવસાય શરુ કરવા માટે ખેતરો ગીરવી મુકવા પડતા હતા. જ્યારે સરકારે તેમને કોઈપણ ગેરંટી વિના લોન આપી છે.દેશના ખેડુતોની આવક બમણી થઈ જાય તેવું અમારુ સપનું છે.દેશમાં ંગરિબ વ્યક્તિ કે આદિવાસીઓમાં કોઈ એવું ન હોય કે જેની પાસે રહેવા માટે પોતાનું પાકુ મકાન ન હોય .અમે એ દિશામાં ઝડપથી કામ કરી રહ્યા છીએ.૧.૨૫ કરોડ પરિવારોને નવા મકાનની ચાવી સોપાઈ છે.તેમાંથી અનેક લોકોએ દિવાળી આ વર્ષે નવા મકાનમાં ઉડવી છે. તેમણે કહ્યુ કે કોગ્રેસના સમયમાં ભ્રષ્ટાચારની એટલી ઉધઈ જામી ગઈ કે મારે નોટબંધી જેવી કડવી અને તીવ્ર દવાનો ઉપયોગ કરવો પડ્યો હતો.

અત્યારે જે ઘર, સડક અને હોસ્પીટલો બની રહી છે. તેના માટેના પૈસા અગાઉ પથારીની નીચે છુપાવી રાખેલા ગરીબોના પૈસા બહાર આવ્યા પછી બની રહ્યા છે.


**કાર ભાડે મળશે**



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# મુંબઇના દરિયા કિનારે પ્રસ્તાવિત શિવાજીની પ્રતિમા કોઇપણથી ડર્યા વગર સૌથી ઉંચી બનાવો : શિવસેના

શિવસેનાએ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીસને કહ્યુ હતું કે તેઓ ઘોષણા કરે કે મુંબઈના સમુદ્ કિનારે પ્રસ્તાવિત છત્રપતિ શિવાજીની પ્રતિમાં દુનિયામાં સૌથી ઉંચી હશે.તેમજ આ મુદે તેમણે નરેન્દ્ર મોદી કે અમિત શાહથી ડરવાની જરુર નથી.શિવસેનાએ કહ્યુ હતું કે રાષ્ટ્રવાદી પાર્ટી(એનસીપી)ના મહારાષ્ટ્રના પ્રમુખ જયંત પાટિલે દાવો કર્યો છે કે પટેલની પ્રતિમાં સ્ટેચ્યુ ઓફ યુનીટી દુનીયાની સૌથી ઉંચી પ્રતિમાં બને એ માટે મુંબઈના સમુદ્રમાં બનનારી છત્રપતિ શિવાજીની પ્રતિમાંની ઉંચાઈ ઓછી કરી દેવાઈ છે. શિવસેનાએ પોતાના મુખપત્ર સામનામાં લખ્યું છે કે પટેલની પ્રતિમાં ઉંચી સાબિત થયા એ માટે શિવાજીની પ્રતિમાની ઉંચાઈ ઓછી કરવી એ સંકુચિત,વિકૃત માનસિકતાની નિશાની છે.

તેમાં લખ્યું છે કે મુખ્યમંત્રીએ જે હિમતથી મરાઠાઓની અનામતની ઘોષણા કરી એજ સાહસથી શિવાજીની દુનીયામાં સૌથી ઉંચી પ્રતિમાના નિર્માણની ઘોષણા કરવી જોઈએ.સંપાદકીયમાં લખ્યું છે કે ફડનવીસે નરેન્દ્ર મોદી કે ભાજપ અધ્યક્ષ અમિત શાહથી ડરવું જોઈએ નહીં.શિવસેનાએ ફડનવીસને યાદ અપાવ્યું હતું કે કઈ રીતે મહારાષ્ટ્રને મુંબઈ મળે તે માટે તત્કાલીન કેન્દ્રીય નાણાંમંત્રી ચિંતામણીરાવ દેશમુખે જવાહરલાલને રાજીનામું આપી દીધું હતું.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭



તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.